# ‘દૃશ્યમ 3’ને લીધે મોહનલાલ અને અજય વચ્ચે જ જંગ થશે?



અજય દેવગનની ‘દશ્યમ 3’ નું ટીઝર આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર જાણે વિજય સાળગાંવકરના નામના સિક્કા પડવા માંડ્યા છે. ટીઝર જોઈને પહેલી વાત એ જ મગજમાં આવે કે આ માણસ ફરીથી પોલીસને ધંધે લગાડવાનો છે. એ જ જૂનો અંદાજ, એ જ ડર વગરની આંખો અને બેકગ્રાઉન્ડમાં વાગતું રહસ્યમય મ્યુઝિક આપણને 2 અને 3 ઓક્ટોબરની યાદ અપાવી દે છે. જોકે, આ વખતે વિજય માત્ર પોતાની જાતને બચાવતો નથી લાગતો પણ પોલીસને કોઈ એવી જાળમાં ફસાવી રહ્યો છે જેની કલ્પના પણ મુશ્કેલ છે. હવે સૌથી મોટો સવાલ છે કે શું મોહનલાલની મલયાલમ ‘દશ્યમ 3’ ની વાર્તા અજયની ફિલ્મ કરતા અલગ હશે? જાણવા જેવી વાત એ છે કે જીત જીતુ જોસેફ અને અજયની ટીમ વચ્ચે એક મોટી યોજના બની છે. અગાઉના બંને ભાગમાં એવું બન્યું હતું કે મોહનલાલની ફિલ્મ પહેલા આવતી અને હિન્દી રિમેક પછી આવતી હતી, જેના કારણે હિન્દી પ્રેક્ષકોને વાર્તાની પહેલેથી ખબર પડી જતી હતી. પરંતુ ‘દશ્યમ 3’ માટે એવા સમાચાર છે કે બંને ફિલ્મોની વાર્તાનું મૂળ માળખું સરખું જ રાખવામાં આવશે પણ તેની ટ્રીટમેન્ટ અને કેટલાક ટ્વિસ્ટ સ્થાનિક પ્રેક્ષકો મુજબ અલગ હોઈ શકે છે. અને વાર્તાની ખબર ના પડે એ માટે એકસાથે અથવા ટૂંકા ગાળામાં રજૂ કરવામાં આવશે. આ જંગ ખરેખર તગડો થવાનો છે. મોહનલાલ ‘દશ્યમ’ ના અસલ પિતામહ છે. તેમનો અભિનય એક અલગ લેવલનો હોય છે. જ્યારે અજયે વિજયના પાત્રને હિન્દી પટ્ટામાં ઘર-ઘર સુધી પહોંચાડ્યું છે. તે જોતાં ઉત્તર ભારત અને મહારાષ્ટ્રમાં અજયનું પલ્લું ભારે રહેશે. મોહનલાલની ફિલ્મ દક્ષિણના રાજ્યોમાં ધૂમ મચાવશે જ્યારે અજય ગ્લોબલ બોક્સ ઓફિસ પર હિન્દી પ્રેક્ષકોને આકર્ષશે. સૌથી રસપ્રદ સવાલ છે કે આ ફિલ્મ 2 ઓક્ટોબર 2026 ના રોજ કેમ રજૂ કરવામાં આવી રહી છે? તેની પાછળ આખી ફિલ્મનો આત્મા છુપાયેલો છે. વિજય અને તેનો પરિવાર ‘2 ઓક્ટોબરે પણજી ગયો હતો, સત્સંગમાં ગયા હતા અને ત્યાં પાવભાજી ખાધી હતી’આ એક એવો મીમ અને ડાયલોગ છે જે દર વર્ષે 2 ઓક્ટોબરે ટ્રેન્ડ થાય છે. નિર્માતાઓએ આ માર્કેટિંગ હાઈપનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા આ જ તારીખ પસંદ કરી છે. જેથી લોકોમાં ફિલ્મ પ્રત્યેની ઉત્સુકતા સો ટકા વધી જાય. આ તારીખ રજાનો ફાયદો લેવા માટે નથી પણ ‘દશ્યમ’ ની બ્રાન્ડ વેલ્યુને ઉજવવા માટે છે. આ તારીખને વિજયના પાપ અને પુણ્યનો ફેંસલો કરવાની અંતિમ ઘડી તરીકે રજૂ કરવામાં આવી છે. 2026 ની 2 ઓક્ટોબરે ફરીથી કેસોની ફાઈલો ખુલશે અને વિજય સાબિત કરશે કે ચોથી પાસ માણસ જો ધારે તો કાયદાના રખેવાળોને પણ પરસેવો પડાવી શકે છે. મોહનલાલ અને અજય વચ્ચેની આ ‘દ્રશ્યમ’ વોર સિનેમાપ્રેમીઓ માટે એક જોરદાર ટ્રીટ બની રહેવાની છે. •

ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

# ‘ડોન 3’માટે હીરો શોધવાનું કામ નામુમકિન બની રહ્યું છે?



બોલિવૂડમાં અત્યારે ‘ડોન 3’ ને લઈને નવી નવી વાતો આવી રહી છે. રણવીર સિંહ ફિલ્મમાંથી નીકળી ગયો છે એવા સમાચાર ફેલાયા છે. સવાલ એ છે કે રણવીરે જાતે ‘ટા-ટા, બાય-બાય’કીધું છે કે પ્રોડક્શન હાઉસે એને ‘ગેટ આઉટ’કીધું છે? જોકે, બંને પક્ષ કહે છે કે ભૂલ અમારી નથી. ‘ધુરંધર’જેવી 1000 કરોડની બ્લોકબસ્ટર આપ્યા પછી રણવીરના તેવર અત્યારે સાતમા આસમાને છે. અંદરની વાત એવી છે કે રણવીર આ ફિલ્મ માટે જંગી ફીની સાથે સ્ક્રિપ્ટમાં પણ દખલગીરી કરવા માંગતો હતો. ફરહાન અખ્તર જેવો જીદ્દી નિર્દેશક પોતાના વિઝન માટે જાણીતો છે. તેને રણવીરની આ ‘સુપરસ્ટારગીરી’ માફક આવી નથી. રણવીરને કદાચ એવો ડર લાગ્યો છે કે ડોન બનીને હું અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જેવી લેજન્ડરી ઈમેજ સામે ક્યાંક ફિક્કો પડી શકું છું. એટલે રણવીરની હકાલપટ્ટી થઈ છે એમ કહેવા કરતા તેની વધતી જતી માંગ અને નિર્માતાની સ્ક્રિપ્ટ વચ્ચે એવો ટકરાવ થયો કે અંતે રણવીરે રસ્તો માપી લીધો છે. સૌથી મોટો સવાલ છે કે રણવીર નથી તો શાહરૂખ કેમ નહીં? હકીકત એ છે કે ફરહાન તો છેક સુધી શાહરૂખના ઘરના ચક્કર કાપતો હતો. પણ શાહરૂખ પોતાની કારકિર્દીના એવા તબક્કે છે જ્યાં એને માત્ર એવી ફિલ્મોમાં રસ છે જે બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડી નાખે એવી હોય. શાહરૂખે ‘ડોન 3’ની સ્ક્રિપ્ટ સાંભળીને નમ્રતાથી ના પાડી દીધી હતી. તેને લાગ્યું હતું કે આ વાર્તામાં કશું નવું નથી. શાહરૂખને જેલના સળિયા તોડવા કે પોલીસથી ભાગવા કરતા હવે ‘જવાન’અને ‘પઠાણ’બનીને આખા દેશને બચાવવામાં વધુ મજા આવે છે. વળી ‘ડોન 3’માં તેની પાસેથી દર્શકોની અપેક્ષાઓ એટલી બધી હશે કે જો થોડી પણ કચાશ રહી ગઈ તો તે નારાજ થશે. રણવીર સિંહના જવાથી ફિલ્મની એનર્જી બદલાઈ જશે. રણવીરનો ડોન થોડો ‘લાઉડ’ અને તોફાની હોત. જ્યારે હવે જો નિર્માતા રણબીર કપૂર કે રિતિક રોશન પાસે જાય તો ડોનનો અંદાજ સાવ અલગ હશે. કિયારા અડવાણીએ પણ આ યાદીમાંથી નામ પાછું ખેંચી લીધું છે. હવે ‘ડોન 3’માંથી હીરો અને હિરોઈન બંને ગાયબ છે. માત્ર ફરહાન અખ્તર છે! જો નવો હીરો દર્શકોને ન ગમ્યો તો આ ફ્રેન્ચાઈઝીનું બાળમરણ થઈ શકે છે. 2026 માં આ ફિલ્મ રજૂ કરવાનું જે સપનું હતું તે હવે ખોવાઈ ગયું હોય એવું લાગે છે. સોશિયલ મીડિયા પર અત્યારે ફેન્સ મીમ્સ બનાવી રહ્યા છે કે ‘ડોન કો પકડના મુશ્કિલ હી નહીં, અબ તો હીરો ઢૂંઢના ભી નામુમકીન હૈ!’રણવીર હવે તેની નવી ફિલ્મ ‘પ્રલય’ માં વ્યસ્ત થશે, જ્યારે શાહરૂખ પોતાની આગામી એક્શન ફિલ્મ પર ધ્યાન આપશે. તેથી ‘ડોન 3’હવે એક નવો ચહેરો અને નવી ઓળખ માંગે છે. •

# મુંબઈનો અસલી ‘કિંગ’ કોણ?

## ફડણવીસ, શિંદે કે ઠાકરે બંધુઓની જોડી?



લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

મુંબઈ - જે ભારતની આર્થિક રાજધાની છે, તેની સત્તાની ચાવી એટલે કે બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી). વર્ષો સુધી શિવસેનાનો ગઢ ગણાતી આ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે એક એવા વળાંક પર છે, જ્યાં ઈતિહાસ બદલાઈ શકે છે. 2024ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિના ભવ્ય વિજય બાદ હવે સૌની નજર મુંબઈ પર છે. પ્રશ્ન એ છે કે, શું ઉદ્ધવ ઠાકરે પોતાનો છેલ્લો ગઢ એટલે કે બીએમસી બચાવી શકશે? કે પછી દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદેની જોડી મુંબઈ પર ભગવો લહેરાવી નવો ઈતિહાસ રચશે?

બીએમસી ચૂંટણી મહારાષ્ટ્રની સત્તાની સેમિફાઈનલ જેવી છે. આ ચૂંટણીને હંમેશા મહારાષ્ટ્રની રાજનીતિની સેમિફાઈનલ ગણવામાં આવે છે. 50 હજાર કરોડથી વધુનું વાર્ષિક બજેટ ધરાવતી આ સંસ્થા પર જેનો કબજો હોય, તેનું મહારાષ્ટ્રના રાજકારણમાં કદ અનેકગણું વધી જાય છે. છેલ્લા અઢી દાયકાથી અહીં ઠાકરે પરિવારનું એકહથ્થુ શાસન રહ્યું છે, પરંતુ 2022ના શિવસેનાના ભંગાણ બાદ સમીકરણો સમૂળગા બદલાઈ ગયા છે.

તાજેતરના સૌથી મોટા સમાચાર એ છે કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ફરી એકસાથે આવી શકે છે. જે ભાઈઓ વર્ષો સુધી એકબીજાના કટ્ટર હરીફ રહ્યા, તેઓ આજે અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. મુંબઈના મરાઠી માનુસ સાથે તેમનો ભાવનાત્મક સંબંધ તેમની સૌથી મોટી તાકાત છે. વિધાનસભામાં મુંબઈની બેઠકો પર તેમનું પ્રદર્શન બતાવે છે કે મુંબઈગરાઓ હજુ પણ ઠાકરે બ્રૅન્ડને ભૂલ્યા નથી.

રાજ ઠાકરે પાસે ભલે ધારાસભ્યોની સંખ્યા ઓછી હોય, પણ તેમનો પ્રભાવ અને ‘ફાયરબ્રૅન્ડ’ ભાષણો મરાઠી મતદારોને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે. દેવેન્દ્ર ફડણવીસે આ જોડીને ‘સર્વાઈવલ મૂવ’ એટલે કે અસ્તિત્વ ટકાવી રાખવાની મજબૂરી ગણાવી છે. જોકે, આ જોડી જો મેદાને પડે તો મરાઠી મતોનું વિભાજન અટકી શકે છે, જે ભાજપ-શિંદે માટે મુશ્કેલી ઊભી કરી શકે ખરું.

ભાજપ માટે મુંબઈ જીતવું એ માત્ર રાજકીય જરૂરિયાત નથી, પણ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. દેવેન્દ્ર ફડણવીસે છેલ્લા ઘણા સમયથી બીએમસીમાં ચાલતા ‘ભ્રષ્ટાચારના ઘડા’ને ફોડવાની વાત કરી છે. ભાજપ પાસે મજબૂત સંગઠન અને હિન્દીભાષી તેમજ ગુજરાતી મતદારોનો મોટો આધાર છે. ફડણવીસ જાણે છે કે જો તેઓ મરાઠી મતોમાં થોડું પણ ગાબડું પાડી શકે અને બિન-મરાઠી મતોને એકજૂથ રાખી શકે, તો બીએમસીનો ગઢ સર કરી શકાય તેમ છે.

આ બાજુ, મુખ્યમંત્રી એકનાથ શિંદે પોતાની જાતને બાલાસાહેબના અસલી વારસદાર તરીકે રજૂ કરી રહ્યા છે. શિંદેની શિવસેનાએ વિધાનસભામાં સાબિત કર્યું હતું કે તેઓ માત્ર તોડફોડની રાજનીતિ નથી કરતા, પણ જમીન પર કામ પણ કરે છે. તો, શું મુંબઈનો શિવસૈનિક ઉદ્ધવને છોડીને શિંદે સાથે જશે? શિંદે પાસે સત્તા છે, સાધનો છે અને બાલાસાહેબનું ચિન્હ ‘ધનુષ-બાણ’ છે. મુંબઈના મધ્યમવર્ગીય વિસ્તારોમાં શિંદેનો પ્રભાવ વધવો એ ઉદ્ધવ માટે ચિંતાનો વિષય છે.

**તાજેતરના સૌથી મોટા સમાચાર એ છે કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે ફરી એકસાથે આવી શકે છે. જે ભાઈઓ વર્ષો સુધી એકબીજાના કટ્ટર હરીફ રહ્યા, તેઓ આજે અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. મુંબઈના મરાઠી માનુસ સાથે તેમનો ભાવનાત્મક સંબંધ તેમની સૌથી મોટી તાકાત છે**

મુંબઈમાં મતદારો મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલા છેઃ

1. મરાઠી મતદારોઃ જેઓ પરંપરાગત રીતે શિવસેનાના સમર્થક રહ્યા છે. અહીં ઉદ્ધવ, રાજ અને શિંદે વચ્ચે ત્રિપાંખિયો જંગ છે.
2. ગુજરાતી અને રાજસ્થાનીઃ જેઓ મોટાભાગે ભાજપના સમર્થક રહ્યા છે.
3. લઘુમતી અને ઉત્તર ભારતીયઃ જેઓ કોંગ્રેસ અથવા ભાજપ તરફ ઝૂકેલા હોય છે.

**તો, અસલી ‘કિંગ’ કોણ?:**


આ વખતે કોઈપણ એક પક્ષ માટે બહુમતી મેળવવી અત્યંત મુશ્કેલ છે. જો ઉદ્ધવ અને રાજ સાથે લડે, તો મરાઠી મતોનું ધ્રુવીકરણ થશે. બીજી તરફ, મહાયુતિ (ભાજપ-શિંદે-અજિત પવાર) પાસે વિકાસના કામો અને વડાપ્રધાન મોદીનો ચહેરો છે.

ચાવીરૂપ પરિબળોની વાત કરીએ તો, વિકાસ વિરુદ્ધ ભાવનાઃ ભાજપ કોસ્ટલ રોડ, મેટ્રો જેવા વિકાસના કામો પર લડશે, જ્યારે ઉદ્ધવ ઠાકરે ‘મરાઠી અસ્મિતા’ અને ‘વિશ્વાસઘાત’ની લાગણી પર મત માગશે.

મુંબઈનું બજેટઃ બીએમસી પાસે એટલી સંપત્તિ છે કે તેના પર કબજો એટલે આગામી 5 વર્ષ સુધી મહારાષ્ટ્રના રાજકારણમાં આર્થિક અને સામાજિક રીતે વર્ચસ્વ.

અલબત્ત, મુંબઈનો અસલી ‘કિંગ’ કોણ બનશે તેનો નિર્ણય આવનારા મહિનાઓમાં લેવાશે. દેવેન્દ્ર ફડણવીસની ચાણક્ય નીતિ, એકનાથ શિંદેની જમીની પકડ અને ઠાકરે બંધુઓનો ભાવનાત્મક જાદુ - આ ત્રણેય વચ્ચેનો મુકાબલો રોમાંચક હશે. જોકે, એક વાત નિશ્ચિત છે કે આ વખતે બીએમસીની સત્તા પર જે પણ બેસશે, તેણે મુંબઈના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રદૂષણ અને ટ્રાફિક જેવા મૂળભૂત પ્રશ્નોનો જવાબ આપવો પડશે.

અત્યાર સુધી જેઓ બીએમસીને પોતાની જાગીર માનતા હતા, તેમના માટે આ વખતે લડાઈ અસ્તિત્વની છે અને જેઓ વર્ષોથી આ દરવાજે ટકોરા મારતા હતા, તેમના માટે આ ઈતિહાસ રચવાની સુવર્ણ તક છે. મુંબઈગરાઓ આ વખતે સ્થિરતાને પસંદ કરશે કે પરિવર્તનને? તે જોવું રસપ્રદ રહેશે. •




# નિશ્ચિત - અનિશ્ચિત

આમ તો બધું જ અનિશ્ચિત છે, માત્ર અનિશ્ચિતતા જ નિશ્ચિત છે. કાલે આપનું જીવન ચાલુ રહેશે કે નહીં તે વિશે કશું જ ન કહી શકાય. આ અનિશ્ચિતતા છે. કાલ વિશે કશું જ ન કહી શકાય તે વાત નિશ્ચિત છે. એમ જણાય છે કે અનિશ્ચિતતાની નિશ્ચિતતા એ પ્રકૃતિનો નિયમ છે. પ્રકૃતિ પોતે અનિશ્ચિતતાનું કારણ પણ છે અને પરિણામ પણ છે. પ્રકૃતિનાં સમીકરણમાં જે નિશ્ચિત જણાય છે તે એક સમયે અનિશ્ચિતતા પણ ધારણ કરી શકે. માત્ર ચૈતન્યને લગતી બાબતો અને ચૈતન્ય સ્વયં નિશ્ચિત છે. પરંતુ જ્યારે વ્યવહારની વાત કરવામાં આવે ત્યારે નિશ્ચિતતા અને અનિશ્ચિતતા તેનાં સ્થાપિત સમયગાળાને આધારે નક્કી થાય છે. જે બાબતને નિશ્ચિત ગણવામાં આવે છે તે બાબત યુગો સુધી જેમની તેમ જળવાઈ રહે, પરંતુ તે પણ ક્યારેક અસ્ત પામે, તે પણ તેની નિશ્ચિતતા ગુમાવી બેસે.

દુનિયાના સમીકરણના સંદર્ભમાં નિશ્ચિતતા એટલે એવી બાબત જેમાં કોઈ શંકા, બદલાવ, પ્રશ્ન કે સામાન્ય સંજોગોમાં અસ્વીકૃતિની સંભાવના ન હોય. જે નિર્ધારિત, ભરોસાપાત્ર, સ્થિર, નિર્વિકાર, ખાતરીબંધ તથા અખંડ હોય તે નિશ્ચિતની શ્રેણીમાં આવે. દુનિયાના સમીકરણમાં કાલે સવારે સૂર્યોદય થશે તે બાબત નિશ્ચિતતાની શ્રેણીમાં આવે. જે વિષે શંકાની સંભાવના હોય, જેનો આધાર બદલાતો રહેતો હોય, જેનાં પરિણામ વિશે ખાતરીપૂર્વક કહી ન શકાતું હોય, જેનું સ્વરૂપ તથા જેની અસર સ્થિર ન હોય તથા જેની સંરચના પરિસ્થિતિથી સતત અસરગ્રસ્ત થતી હોય તે પ્રકારની બાબતો અનિશ્ચિત રહે. વાદળ બંધાયા હોય તો પણ વરસાદ પડશે કે નહીં તે બાબત અનિશ્ચિતતામાં આવે.

સામાન્ય સંજોગોમાં એમ કહી શકાય કે નિશ્ચિતતા પ્રાકૃતિક - કુદરતી બાબતોને લગતી હોઈ શકે, જેમ કે દિવસ-રાત વિશેની નિશ્ચિતતા. કેટલીક નિશ્ચિતતા સામાજિક વ્યવહાર લક્ષી પણ હોઈ શકે. જોકે આ પ્રકારની નિશ્ચિતતાનો સમયગાળો, તેનાં અસ્તિત્વનો કાલખંડ મર્યાદિત રહી શકે. સ્થાનિક કાયદા પ્રમાણે એકવાર એમ નિશ્ચિતપણે માણી શકાય કે વાહન ડાબી તરફ હંકારતાં રહેશે. પણ આ વિશે ખાતરીપૂર્વક કહી ન શકાય. આ બાબત નિશ્ચિત તો હોવી




જોઈએ પણ તેની નિશ્ચિતતા પ્રત્યેની સામાજિક કટિબદ્ધતા પણ જરૂરી છે. ક્યારેક વ્યક્તિગત બાબતો પણ સાંસારિક નિશ્ચિતતાની શ્રેણીમાં આવી શકે. જ્યારે ‘શૂરા બોલ્યા ન ફરે, ભલે પશ્ચિમ ઉગે સુર’એમ કહેવામાં આવે ત્યારે તે નિશ્ચિત બાબત વ્યક્તિગત કહેવાય. આમાં વ્યક્તિનાં મૂલ્યો, માન્યતા, શ્રદ્ધા અને દઢનિશ્ચયતા મહત્વનાં રહે.

વાસ્તવમાં, સંપૂર્ણતામાં, નિશ્ચિતતા આધ્યાત્મિક બાબતોને આધારિત હોય. આત્મા શાશ્વત છે, અદ્વૈત તત્વજ્ઞાન પ્રમાણે આત્મા અને પરમાત્મા એક જ છે, કર્મફળનો નિયમ દરેક પરિસ્થિતિમાં લાગુ પડે છે, દરેક જન્મ લેનાર પ્રાણીએ મૃત્યુ અર્થાત ‘દેહાંતર પ્રાપ્તિ’ના તબક્કામાંથી પસાર થવું પડે છે, આવી બાબતો આધ્યાત્મિક નિશ્ચિતતામાં આવે. સનાતની સંસ્કૃતિની આ બધી બાબતો વાસ્તવમાં નિશ્ચિત છે, જો કે કોઈક મહાયોગી તેમાં પણ અપવાદ ઊભાં કરી શકે. આ અપવાદના પણ નિયમો હોય, જે નિશ્ચિત હોય. એકંદરે એમ કહી શકાય કે સનાતની આધ્યાત્મિક તત્વજ્ઞાનમાં જણાવાયેલ બાબતો નિશ્ચિતતા મુજબની છે.

આંખની અટારી
★ હેમુ ભીખુ

નિશ્ચિતતા ત્યારે જ અનુભવાય જ્યારે તેમાં નિયમિતતા હોય, તેની સાથે સંકળાયેલ બાબતો સ્વીકૃત હોય, જેનાં કારણ અને પરિણામ વિશે લાંબા સમય સુધી એક પ્રકારની સાતત્યતા જળવાતી હોય અને તે બધાં સાથે સમગ્ર બાબત સ્થાપિત તર્કને આધારિત હોય. કોઈ બાબતને નિશ્ચિત માનવામાં આવશે કે નહીં તે વાત જાણકારી, જ્ઞાન, સાક્ષીપણું અને અનુભવ પર પણ આધાર રાખે. કોઈ ચોક્કસ કાર્ય પ્રણાલી અનુસરવાથી, પ્રકૃતિના નિયમો મુજબ ચાલવાથી, કોઈ વિસ્તૃત વ્યવસ્થાનો ભાગ બનવાથી પણ નિશ્ચિતતાનો વિશ્વાસ થઈ શકે.

નિશ્ચિતતાની સ્થિતિમાં એક પ્રકારની શાંતિ અનુભવાય, કોઈપણ પ્રકારનાં ભયની સંભાવના ઓછી રહે અથવા તો ન રહે, ચિંતામુક્ત સ્થિતિ પ્રાપ્ત થઈ શકે, પરિસ્થિતિ અને વ્યક્તિ પર વિશ્વાસ વધી શકે, વિચાર તેમજ કાર્યમાં દ્રઢતા તેમજ સ્થિરતા પ્રાપ્ત થાય, વર્તમાન પ્રત્યેનો પ્રતિભાવ તેમ જ ભવિષ્યનું આયોજન સરળ બની શકે, ભવિષ્યની



**નિશ્ચિતતા ત્યારે જ અનુભવાય જ્યારે તેમાં નિયમિતતા હોય, તેની સાથે સંકળાયેલ બાબતો સ્વીકૃત હોય, જેનાં કારણ અને પરિણામ વિશે લાંબા સમય સુધી એક પ્રકારની સાતત્યતા જળવાતી હોય અને તે બધાં સાથે સમગ્ર બાબત સ્થાપિત તર્કને આધારિત હોય**

પરિસ્થિતિ માટે પહેલાંથી જ અનુમાન કરી શકાય અને તે મુજબ કાર્ય-રૂપરેખા ઘડી શકાય, અને તે બધાં સાથે જીવનની દિશા નિર્ધારીત થઈ શકે. જોકે બધું જ નિશ્ચિત હોય તો પડકારની શક્યતા ઊભી ન થાય, જેને કારણે અમુક પ્રકારનું ઘડતર સંભવી ન શકે.

જિંદગીમાં ક્યાંક અનિશ્ચિતતા પણ આવશ્યક છે. જો બધું જ નિશ્ચિત હોય તો રસ તેમજ રોમાંચ ન રહે, કુતૂહલ અને જિજ્ઞાસા ઓછી થઈ જાય, પરિણામ લગભગ નિર્ધારિત થઈ જતું હોવાથી પ્રયત્નમાં પ્રબળતા ઓછી થઈ શકે અને આ બધાંને કારણે જીવન યંત્રવત્ - બીબાંઢાળ બનતું જાય. જીવન માટે આ સકારાત્મક, આવકારદાયક બાબત નથી. અનિશ્ચિતતા પણ આવશ્યક છે. અનિશ્ચિતતાનું પણ મહત્વ છે. નિશ્ચિતતા એક પ્રકારની સ્થિરતા આપે તો અનિશ્ચિતતા ચલિતતા અને ગતિ માટે પ્રોત્સાહક બની શકે. નિશ્ચિતતા ચોક્કસ પ્રકારના પરિણામની ખાતરી આપે તો અનિશ્ચિતતા સાથે ઘણી સંભાવનાઓ સંકળાયેલી હોય. જિંદગી એટલે નિશ્ચિતતા અને અનિશ્ચિતતાનો સરવાળો.

જીવનમાં અનિશ્ચિતતા છે તો મૃત્યુ નિશ્ચિત છે. સમયનો પ્રવાહ નિશ્ચિત છે તો તેની સાથે સંકળાયેલી બાબતો અનિશ્ચિત છે. બદલાવ નિશ્ચિત છે પણ બદલાવનો પ્રકાર અનિશ્ચિત છે. એ વાત નિશ્ચિત છે કે, જીવનના પ્રવાહ સાથે, ઈચ્છા ન હોય તો પણ જાતજાતનાં અનુભવ થતાં રહે પરંતુ તે અનુભવના પ્રકાર તથા તેની તીવ્રતા અનિશ્ચિત રહે. “ભૂખ”ભાંગવા માટેની તત્પરતા નિશ્ચિત કહેવાય પરંતુ જેનાથી ભૂખ ભાંગવામાં આવે તે બાબત અનિશ્ચિત રહે. જીવન છે એટલે ‘વ્યવહાર’નિશ્ચિત છે પરંતુ વ્યવહારનાં પરિણામ વિશે ક્યારેય પણ ખાતરીપૂર્વક કહી ન શકાય. થોડું ઊંડાણમાં જોતાં જણાશે કે પ્રકૃતિને લગતી બાબતો અનિશ્ચિત હોય છે જ્યારે ચૈતન્યને લગતી બાબતો સાથે નિશ્ચિતતા જોડાયેલી હોય છે. •

નિશ્ચિતતા ત્યારે જ અનુભવાય જ્યારે તેમાં નિયમિતતા હોય, તેની સાથે સંકળાયેલ બાબતો સ્વીકૃત હોય, જેનાં